આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૦૩ | ૨ ઓકટોબર, ૨૦૧૨, મંગળવાર; નિજ ભાદરવા વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

જે ગમે તેવી સમસ્યાઓનો સામનો કરી વીરતાપૂર્વક લડી શકે અને સફળતા પ્રાપ્ત કરે તે જ રાષ્ટ્ર મહાન છે
- મહાત્મા ગાંધી

ગાંધીનગર મનપા દ્વારા ૧૨મીથી ઓરી વિરોધી રસીકરણ અભિયાન

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ૧૨ ઓકટો-૨૦૧૨ થી ઓરી વિરોધી રસીકરણ અભિયાન આરંભાશે અને આ અભિયાન દરમ્યાન ૯ માસથી ૧૦ વર્ષ સુધીના ૩૨ હજાર બાળકોને આવરી લેવામાં આવશે.

આરોગ્ય અધિકારી ડૉ. દિનેશ બારોટે જણાવ્યુ હતુ કે આ અભિયાન માટે ૨૪ જેટલી ટીમો બનાવવામાં આવી છે અને તેમાં ૧૦૦ જેટલા લોકો ફરજ બજાવશે.

આ અભિયાન નવેમ્બરના પ્રથમ સપ્તાહ સુધી ચાલશે. શહેર અને શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારના બાળકોને આવરી લેવામાં આવશે. આ માટેનું તાલિમ અભિયાન સંપન્ન થઈ ચુકયું છે.

ડૉ. બારોટે જણાવ્યું હતું કે આ માટે શાળાના આચાર્યો સાથે પણ બેઠકોનો સિલસિલો પૂર્ણ થઈ ગયો છે. બાળકો માટેના અભિયાનની સફળતા માટે સ્વેચ્છીક સંસ્થાઓને પણ અભિયાનમાં જોડાવાની અપીલ કરવામાં આવી છે.

આ રસીકરણને કારણે ઓરીના રોગને નાથવામાં સારી એવી સફળતાઓ પ્રાપ્ત થઈ હોવાનું પણ જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે શહેરી વિસ્તારમાં જરૂર પડ્યે બુથો ઉભા કરીને પણ બાકી રહી ગયેલા બાળકોને આવરી લેવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે. દરેક સેક્ટરમાં બાળકોની સંખ્યાને ધ્યાને રાખી આ બુથો ઉભા કરવામાં આવશે.

ગાંધીનગરમાં રેલી સ્વરૂપે વિરોધ પ્રગટ ન કરવા દેવાતાં દલિતો ઉશ્કેરાયા

કિલ્લેબંધી છતાં ગાંધીનગરમાં ઘુસી ગયેલા ૫૦૦ પૈકી ૪૦૦ની અટકાયત : રેલીમાં જોડાવા ગાંધીનગર આવે તે પહેલા બહારથી જ ૧૫૦૦ની અટકાયત કરી લઈ જવાયા : વાહનો ડીટેઈન : એસ.ટી. બસોનું પણ ચેકીંગ કર્યું : રાતથી જ પોલીસ બંદોબસ્ત ખડકી દેવાયો હતો

ગાંધીનગર, તા.૧

પાનગઢની ઘટનાનો વિરોધ પ્રગટ કરવા આજે ગાંધીનગરમાં દલીત અત્યાચાર વિરોધ રેલીનું આયોજન થયું હતું. જો કે ગઈ કાલે મોડી સાંજે પોલીસે રેલીની મંજુરી રદ કરી દેતા દલીતો ઉશ્કેરાયા હતાં. ગાંધીનગરના તમામ પ્રવેશદ્વારો પોલીસે ગઈ કાલ રાતથી જ સીલ કરી દીધા બાદ પણ સવારે રેલી માટે ગાંધીનગરમાં પહોંચી ગયેલા ૫૦૦ પૈકી ૪૦૦ની અટકાયત કરી લીધી હતી જયારે ૧૫૦૦ જેટલા દલીતોને ગાંધીનગર બહારથી જ અટકાયત કરી કરાઈ ખાતે લઈ જઈ મુકત કરી દેવાયા હતાં.

દલીત અત્યાચાર વિરોધી રેલીમાં આજે હજારોની સંખ્યામાં પ્રદર્શનકારો ગાંધીનગર આવશે તેની તહેશતને પગલે પોલીસે મોડી સાંજે રેલીની મંજુરી રદ કરી નાંખી હતી. દલીતોએ ઘ-૩ સર્કલ સત્યાગ્રહ છાવણી પાસે બાંધેલો મંડપ પોલીસે વહેલી સવારે જ કઢાવી દેવડાવ્યો હતો. ગઈકાલે રાતથી જ પોલીસે ચાંપતો બંદોબસ્ત ગોઠવી દીધો હતો. ત્રણ જિલ્લાના એસ.પી., ૧૦ ડીવાયએસપી, ૧૦૦ પી.આઈ., પી.એસ.આઈ., ૬૦૦ પોલીસ,

● અનુસંધાન પાન-૭ પર



સાબરમતીના સંત તરીકે આપણે જેમને સંબોધીએ છીએ એવી જગત વિભૂતિ આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનો આજે જન્મદિન. એમનાં મૂલ્યો એમના જીવન સમયે જેટલાં સાચાં હતાં એટલાં જ આજે પણ સાચાં છે અને એટલાં જ આવતીકાલે પણ શાશ્વત રહેવાનાં છે. એમનાં મૂલ્યો સૌનાં હૈયે વસે અને એમની કલ્પનાનું વિશ્વ આપણે સર્જી શકીએ એવી ઈશ્વરને પ્રાર્થના સાથે આ મહાન વ્યક્તિવિશેષને નમન.

હિંમતનગર પાસે દુર્ઘટનામાં ૫૧ પોલીસ કર્મીઓ ઘવાયા

અંબાજી બંદોબસ્ત પૂર્ણ કરીને કરાઈમાં પરત ફરતા હતા ગંભીર ઘાયલ બે પોલીસ જવાનો અમદાવાદ સિવિલમાં

અમદાવાદ, તા. ૧

હિંમતનગર પાસે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ૫૧ લોક રક્ષક જવાનો ઘાયલ થવા પામ્યા છે. જે પૈકી બે જવાનો ગંભીર રૂપે ઘાયલ થતાં તેમને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ અંગે એસ.ટી. બસના ચાલક વિરુધ્ધ ગુનો નોંધાયો છે.

ઘટનાની વિગતવાર માહિતીએવી છે કે કરાઈ ટ્રેનીંગ સેન્ટર ખાતે ટ્રેનીંગ લઈ રહેલા ૫૧ જેટલા લોકરક્ષક જવાનોને અંબાજી ખાતેના મેળામાં બંદોબસ્ત માટે મુકવામાં આવ્યા હતા. દરમ્યાનમાં

● અનુસંધાન પાન-૭ પર

ફોકસ લાઈફ બેરી
ગાંધી જયંતિ નિમિત્તે ગાંધીજીના પુસ્તકો ઉપર વિશિષ્ટ વળતર
મેમ્બરશીપ ઉપર
૨૦% થી ૫૦% ડિસ્કાઉન્ટ
સ્વાગત રેઈનફોરેસ્ટ-૧, કુડાસણ, ગાંધીનગર
ફોન : ૦૭૯-૬૫૭૨૭૩૭૪

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ દ્વારા સંચાલિત
ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર

ગુજરાત ખાદી	૨૫ %	વળતર
ગુજરાત ખાદી તૈયાર કપડાં	૨૫ %	વળતર
પરપ્રાંત ખાદી	૧૫ %	વળતર
પરપ્રાંત ખાદી તૈયાર કપડાં	૧૫ %	વળતર
રેશમ ખાદી	૧૫ %	વળતર

સરકારશ્રી દ્વારા માન્ય સ્ટીલ તેમજ વુડન ફર્નિચર ખરીદવાનું સ્થળ
ખાદી ગ્રામોદ્યોગ ભવન
પાટનગર યોજના ભવન, સેક્ટર-૧૬, ફોન : ૨૩૨૨૨૩૩૩
સમય : સવારે ૧૦-૩૦ થી ૭-૩૦ કલાક ● રીશેષ : ૨-૩૦ થી ૩-૩૦
ખાસ નોંધ : તા. ૭-૧૦-૧૨ રવિવારે કેન્દ્રનું કામકાજ ચાલુ રહેશે.

દિપાવલી નિમિત્તે પ્રથમ 50 પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે 'ફ્રી' માં ખાસ ઘટાડો
GPSC વર્ગ 1&2 પ્રિલિમ પરીક્ષા
ફી માત્ર ₹ 18,000/-
29-9-2012 થી 05-10-2012 સુધીમાં પ્રવેશ મેળવનાર માટે જ !
વર્ગ શરૂ થવાની તા.29-11-2012
પાલનપુર/મહેસાણા/ગાંધીનગર શાખામાં જ પ્રવેશ...

શાખાઓ	ભણવાના દિવસ	ભણવાના દિવસ
પાલનપુર	સવારના 3.00 થી 5.00	શુક્ર - શનિ - રવિ
મહેસાણા	સવારના 7.00 થી 9.00	
ગાંધીનગર	સવારના 8.00 થી 10.00	

5-10-2012 સુધીમાં પ્રવેશ મેળવી ખાસ ઓફરનો લાભ વહેલા તે પહેલાના ધોરણે!
TCCI EDUCATION PVT. LTD.
ગાંધીનગર 9574004322 | મહેસાણા 9574004323 | પાલનપુર 9574004324
PATAN 95740 04323 | VISNAGAR 95740 04325 | HIMATNAGAR 95740 04326
જાહેરાતનું કટીંગ લાવનારને જ ફીમાં રાહત મળશે
HELPLINE NO : 95740 04328, 9574004327
સબ રજીસ્ટાર GPSC
4 માસનો પરીક્ષાલક્ષી અભ્યાસક્રમ
ફોર્મ ભરવાની છેલ્લી તા.24-9-12
ફી માત્ર ₹ 14,000/- | પરીક્ષા સંભવિત ડિસેમ્બર 2012
PSI ઈન્ટરવ્યુ માટે (ગાંધીનગર ખાતે) ઉપરોક્ત સમયે સંપર્ક કરો...